# અગ્રીમ પ્રાથમિક સંભાળ કેન્દ્રો

**OFFICIAL**
**Gujarati | ગુજરાતી**

- શું તમારે તાત્કાલિક ડૉક્ટરને મળવાની જરૂર છે?
- અગ્રીમ પ્રાથમિક સંભાળ કેન્દ્રો (પીપીસીસીઝ) તાકીદમાં ઇજા અથવા બીમારી થઇ હોય તેવા કોઇને પણ નિઃશુલ્ક સારવાર આપે છે.
- પીપીસીસીના ડૉક્ટરો તમારે જરૂરી સારવાર તમને હોસ્પિટલના તત્કાળ વિભાગ કરતાં ઝડપથી મેળવવામાં મદદ કરશે.
- તેઓ હળવા ચેપ, સામાન્ય દાઝ, મચકોડ અથવા હાડકાં તૂટયાંની આશંકા હોય તેવી સ્થિતિમાં સારવાર કરી શકે છે.
- જો તમને ગંભીર ઇજા અથવા બીમારી થઇ હોય તો, ત્રણ શૂન્ય (૦૦૦) પર ફોન કરો.
- જો તમારે તાત્કાલિક સંભાળની જરૂર ન હોય તો, તમારા કાયમી ડૉક્ટરની મુલાકાત ગોઠવો.
- પીપીસીસી સેવાઓમાં રોગનિદાન માટેની તપાસો (પેથોલોજી), ક્ષ-કિરણોત્સર્ગ તપાસો (રેડિયોલોજી) અને દવાની દુકાનોનો સમાવેશ થાય છે.
- પીપીસીસી સેવાઓ મેડિકેર કાર્ડ ધરાવતાં અથવા ન ધરાવતાં દરેકને માટે નિઃશુલ્ક છે.
- પીપીસીસીઝ અઠવાડિયાના સાત દિવસ લાંબો સમય સુધી ખુલ્લાં હોય છે.
- તમારે એપોઇન્ટમેન્ટની જરૂર નથી.
- આખા વિક્ટોરિયામાં પીપીસીસીઝ ખૂલી રહ્યાં છે.
- વધુ માહિતી અને સ્થળો માટે બેટર હેલ્થ ચેનલની મુલાકાત લો: www.betterhealth.vic.gov.au/health/servicesandsupport/priority-primary-care-centres
- પીપીસીસીમાં દુભાષિયા ઉપલબ્ધ હોય છે. અનુવાદ અને દુભાષિયા સેવા ટીસ નેશનલને ૧૩૧ ૪૫૦ પર ફોન કરો.